



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૦૫ | ૨૫ જુન, ૨૦૨૧, શુક્રવાર; જયેષ્ઠ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દિલ્હી-દિલની દૂરીને દૂર કરવી છે : મોદી

## ૩૭૦મી કલમ રદ કર્યાના બે વર્ષ બાદ મોદીની ૧૪ નેતાઓ સાથે બેઠક : સકારાત્મક વાતાવરણમાં નેતાઓએ તેમના મુદ્દા રજૂ કર્યા, રાજ્યના સિમાંકન બાદ ચૂંટણી યોજવા વડાપ્રધાનની નેતાઓને ખાતરી : અનેક મુદ્દે ચર્ચા કરાઈ

નવી દિલ્હી, તા. ૨૪

જમ્મુ-કાશ્મીરના નેતાઓ સાથેની બેઠકનો એજન્ડા જાહેર ન કરાતા એક વાત સ્પષ્ટ હતી કે કેન્દ્ર સરકાર ખુલ્લા દિલે આ નેતાઓ સાથે વાત કરશે. આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસ સ્થાને યોજાયેલ સર્વપક્ષીય બેઠકના એજન્ડા પરથી, તે સ્પષ્ટ થઈ ગયું છે કે વાટાઘાટોનો દાયરો મર્યાદિત રહેશે નહીં. દરેક જણ હૃદયપૂર્વક વાત કરી શકશે જેથી જમ્મુ-કાશ્મીરમાં શાંતિ, સ્થિરતા, સલામતી અને વિકાસના ટકાઉ વાતાવરણની પુન .સ્થાપના માટેનો રોડમેપ બનાવી શકાય અને રાજકીય પ્રક્રિયાને વેગ મળી શકે. કલમ ૩૭૦ ના રદ થયાના લગભગ બે વર્ષ પછી, કેન્દ્ર સરકાર વતી રાજ્યના નેતાઓ સાથે વાતચીત થઈ રહી છે. બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેતાઓને દિલ્હીની દૂરી અને દિલની દૂર કરવી છે એવો બાવભર્યો સંદેશ આપ્યો હતો. જોકે રાજ્યમાં લોકશાહીનું શાસન પ્રસ્થાપિત કરવા માટે રાજ્યના સિમાંકનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ચૂંટણીઓ યોજવાની વાત પણ મોદીએ બેઠકમાં કરી હતી.



જમ્મુ કાશ્મીરના ૧૪ નેતાઓને બેઠક માટે બોલાવવામાં આવ્યા છે. જેમાં ચાર ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનો ડો. ફારૂક અબ્દુલ્લા, ગુલામ નબી આઝાદ, ઓમર અબ્દુલ્લા અને મહેબૂબા મુફ્તી ઉપરાંત રવિન્દ્ર રૈના, કવિંદર ગુપ્તા, નિર્મલ સિંહ, સજ્જાદ લોન, ભીમ સિંહનો સમાવેશ થાય છે. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્રસિંહ, એનએસએ અજિત ડોવલ, જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહા અને કેન્દ્ર સરકારના ઘણાં અન્ય અધિકારીઓ પણ હાજર હતા.

જમ્મુ-કાશ્મીર પર વડા પ્રધાનની બેઠક બાદ મુઝફ્ફર હુસેન બેગે કહ્યું કે આ બેઠક અદભૂત હતી. મેં કહ્યું કે ૩૭૦ નો મુદ્દો સુપ્રીમ કોર્ટમાં છે. સુપ્રીમ કોર્ટ કલમ ૩૭૦ ના મામલે નિર્ણય લેશે. મેં આર્ટિકલ ૩૭૦ માટેની કોઈ માંગ કરી નથી. મેં કહ્યું હતું કે ૩૭૦ નાબૂદ કરવાનો નિર્ણય જમ્મુ-કાશ્મીર વિધાનસભા દ્વારા લેવો જોઈએ. જમ્મુ-કાશ્મીર માટે રાજ્યની માગ તમામ પક્ષો દ્વારા કરવામાં આવી હતી. વડા પ્રધાને જમ્મુ-કાશ્મીરને સંપૂર્ણ રાજ્યના દરજ્જા અંગે સીધા કંઈ કહ્યું નહીં. તેમણે કહ્યું પ્રથમ સીમાંકન થાય એ જરૂરી છે. ભાજપના નેતા કવિન્દર ગુપ્તાએ કહ્યું કે, કલમ ૩૭૦ જે હટાવી દેવામાં આવી છે તેવું પણ વિચારવું ન જોઈએ કે તે પાછી આવે. પ્રક્રિયા અમલમાં આવશે

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીર ખીણમાં હજુ ૨૦૦ જેટલા ત્રાસવાદીઓ સક્રિય

નવી દિલ્હી, તા. ૨૪

ચિનાર કોર કમાંડર લેફ્ટિનેન્ટ જનરલ ડીપી પાંડેએ ઘાટીમાં હજુ પણ ૨૦૦ જેટલા આતંકવાદીઓ સક્રિય છે તેવી માહિતી આપી હતી. આ સાથે જ તેમણે વર્ષના અંત સુધીમાં ઘાટીમાં આતંકવાદીઓની સંખ્યા ઘટાડી દેવામાં આવશે તેવી માહિતી પણ આપી હતી. લેફ્ટિનેન્ટ જનરલ ડીપી પાંડેએ સંઘર્ષવિરામ મુદ્દે જણાવ્યું કે, નિયંત્રણ રેખા પર આપણા લોકો શાંતિપૂર્ણ રીતે રહી શકે અને તેમની દેખભાળ રાખી શકાય તે સુનિશ્ચિત કરવા માટે જ સંઘર્ષવિરામ કરવામાં આવ્યો છે.

## ૩૧મી જુલાઈ સુધી ધો-૧૨ના પરિણામ આપો : સુપ્રીમ

### સુપ્રીમે તમામ રાજ્યોના બોર્ડને આદેશ આપ્યો : મોટાભાગના રાજ્ય બોર્ડે ધોરણ ૧૨ની પરીક્ષા રદ કરી છે

નવીદિલ્હી, તા. ૨૪

કોરોનાના કારણે દેશના મોટાભાગના રાજ્ય બોર્ડે પોતાની ધોરણ ૧૨ની પરીક્ષાઓ રદ કરી નાખી છે. આવી સ્થિતિમાં સુપ્રીમ કોર્ટે તમામ રાજ્ય બોર્ડને આદેશ આપ્યો છે કે તેઓ ૩૧ જુલાઈ સુધીમાં ધોરણ ૧૨ ના પરિણામો જાહેર કરે.

અત્રે જણાવવાનું કે મોટાભાગના રાજ્યોએ બોર્ડ પરીક્ષા રદ કરી નાખી છે. આવામાં કોર્ટે તે તમામ રાજ્યોના બોર્ડને આદેશ આપ્યો છે કે ૩૧ જુલાઈ સુધીમાં ધોરણ ૧૨ના પરિણામો જાહેર કરી દો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જે રાજ્યોએ હજુ સુધી આંતરિક મૂલ્યાંકનનો ફોર્મ્યૂલા તૈયાર કર્યો નથી તેમની પાસે ૧૦ દિવસનો સમય છે. દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશના બોર્ડની વાત કરીએ તો બુધવારે શિક્ષણમંત્રી દિનેશ શર્માના નેતૃત્વમાં યુપી બોર્ડની મહત્વની બેઠક થઈ હતી. ડો.શર્માએ બોર્ડ ઓફિસરોને નિર્ધારિત મૂલ્યાંકન ફોર્મ્યૂલાના માળખા પર જુલાઈમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ન વિદ્યાર્થીઓની માર્કશીટ જાહેર કરવાની શીખામણ આપી છે.

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ એ આજે ૧૨માં ધોરણના વિદ્યાર્થીઓના પરિણામ તૈયાર કરવાનો ફોર્મ્યુલા સુપ્રીમ કોર્ટમાં હાલમાં જ રજુ કરી દીધો.

## ત્રીજી લહેરમાં પણ આંદોલન જારી રાખવા ખેડૂતો મક્કમ

### ખેડૂત નેતા રાકેશ ટિકૈતે કેન્દ્ર સરકારને ૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર રેલીની હિંસાની યાદ અપાવી ચેતવણી આપી

નવી દિલ્હી, તા. ૨૪

કોરોના મહામારીનો ત્રીજો વેવ આવી શકે છે તેવી આશંકા



વચ્ચે ખેડૂત નેતા રાકેશ ટિકૈતે સરકારને ચેતવણી આપીને કહ્યુ છે કે, છેલ્લા સાત મહિનાથી ખેડૂત આંદોલન ચાલી રહ્યુ છે પણ સરકારને શરમ નથી આવી રહી. કોરોનાનો ત્રીજો વેવ આવશે તો પણ અમે અહીંયા જ રહીશું અને આંદોલન ચાલુ રાખીશું. આંદોલન કોઈ પણ સંજોગોમાં પાછુ ખેંચવામાં નહીં આવે.

તેમણે કહ્યુ હતુ કે, સરકાર સાંભળી, ખેડૂતો તૈયાર છે. આંદોલન ખતમ નહી થાય પણ શાંતિપૂર્ણ રીતે ચાલતુ રહેશે. રાકેશ ટિકૈતે કહ્યુ હતુ કે, ચાર લાખ ટ્રેક્ટર પણ અહીંયા જ છે અને ૨૬ તારીખ પણ દર મહિને આવતી હોય છે.આમ ટિકૈતે આડકતરી રીતે ૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર રેલીમાં થયેલી હિંસાની સરકારને યાદ અપાવી હતી.

ટિકૈતે કહ્યુ હતુ કે, દેશને લૂટારાઓથી બચાવવા માટે સરહદ પર ટેક્ર, ખેતરોમાં ટ્રેક્ટર અને યુવાઓના હાથમાં ટ્વિટર બહુ જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે, ખેડૂત સંગઠનો અને સરકાર વચ્ચે જાન્યુઆરી મહિનામાં દિલ્હીમાં થયેલી હિંસા બાદ વાતચીત બંધ છે. સરકારનુ કહેવુ છે કે, સરકાર વાતચીત કરવા માટે તૈયાર છે પણ ખેડૂતો ત્રણે કૃષિ કાયદા પાછા ખેંચવાની વાત પર અડેલા છે.

છેલ્લે ૨૦ જાન્યુઆરીએ સરકારે ખેડૂતો સમક્ષ પ્રસ્તાવ મુક્યો હતો કે, દોઢ વર્ષ સુધી નવા કૃષિ કાયદાનો અમલ નહીં થાય અને સમાધાન માટે એક સમિતિ બનાવવામાં આવશે. જેના બદલામાં ખેડૂતોએ આંદોલન ખતમ કરવુ પડશે. જોકે ખેડૂતોએ આ પ્રસ્તાવ પણ ફગાવી દીધો હતો

## ટ્વિટરના એમડી સામે પગલાં ન ભરવા કર્ણાટક કોર્ટનો નિર્દેશ

### યુપીમાં મુસ્લિમ વૃદ્ધ સાથે મારપીટના વીડિયો વાયરલ



નવી દિલ્હી, તા. ૨૪

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં મુસ્લિમ વૃદ્ધની સાથે મારપીટ અને દાઢી કાપવાના વાયરલ વીડિયોને લઈને કાયદાકીય વિવાદમાં ફસાયેલા ટ્વિટર ઈન્ડિયાના એમડી મનીષ માહેશ્વરીને કર્ણાટક હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. સમાચાર એજન્સી એએનઆઈ પ્રમાણે યૂપી પોલીસના નોટિસ મામલામાં કર્ણાટક હાઈકોર્ટે ટ્વિટરના એમડી મનીષ માહેશ્વરીને વચગાળાની રાહત આપી છે અને ગાઝિયાબાદ પોલીસને તેમની વિરુદ્ધ કોઈ પગલા ન ભરવાનો નિર્દેશ આપ્યો છે.

પરંતુ કર્ણાટક હાઈકોર્ટનું કહેવું છે કે જો ગાઝિયાબાદ પોલીસ ટ્વિટરના એમડી માહેશ્વરીની પૂછપરછ કરવા ઈચ્છે છે તો તે વર્ચ્યુઅલી મોડમાં કરી શકે છે. મહત્વનું છે કે ગાઝિયાબાદ પોલીસની નોટિસ વિરુદ્ધ મનીષ માહેશ્વરીએ હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો અને રિટ અરજી દાખલ કરી હતી. હકીકતમાં ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં મુસ્લિમ વૃદ્ધ સાથે મારપીટ અને દાઢી કાપવાના વાયરલ વીડિયો મામલે માહેશ્વરીએ આજે લોની બોર્ડર કોતવાલીમાં પોતાના વકીલ સાથે હાજર થવાનું હતું. પરંતુ આ પહેલા ટ્વિટરના એમડીએ કર્ણાટક હાઈકોર્ટમાં રિટ અરજી દાખલ કરી હતી.

## ચૂંટણી બાદની હિંસાની તપાસ માટે બંગાળમાં પંચના ધામા

### નેશનલ હ્યુમન રાઈટની ટીમ બંગાળના વિવિધ વિસ્તારોમાં પહોંચી, સભ્યો તપાસ કરીને રિપોર્ટ કોલકાતા કોર્ટને આપશે

કોલકાતા, તા. ૨૪

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીઓ બાદ ભાજપના કાર્યકરોને ટાર્ગેટ બનાવીને આચરવામાં આવેલી હિંસામાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની મુશ્કેલી વધી શકે છે.

કારણકે હિંસક ઘટનાઓ અંગે જાણકારી મેળવવા માટે નેશનલ હ્યુમન રાઈટ કમિશનની એક ટીમ બંગાળના વિવિધ વિસ્તારોમાં પહોંચી છે. ટીમના સભ્યો તપાસ કરીને પોતાનો રિપોર્ટ કોલકાતા હાઈકોર્ટને આપશે. આ ટીમમાં ૧૧ સભ્યોનો સમાવેશ થાય છે. ગઈકાલે આ ટીમ કોલકાતા પહોંચી હતી. હવે તેઓ ત્રણ અલગ અલગ ટીમમાં વહેંચાઈને બંગાળના વિવિધ વિસ્તારોમાં પ્રવાસ કરી રહયા છે.

જ્યાં જ્યાં હિંસાની ફરિયાદો મળી છે ત્યાં આ ટીમ તપાસ કરવા માટે જઈ રહી છે. જોકે મમતા બેનરજીએ કહ્યુ છે કે, બંગાળમાં રાજકીય હિંસાની કોઈ ઘટનાઓ બની નથી. ભાજપ અપપ્રચાર કરી રહી છે.

જોકે રાજ્યપાલે રાજકીય હિંસાને લઈને સતત મમતા બેનરજીની સરકારની ટીકા કરી છે. રાજ્યપાલને અલીપુરદ્વારાના સાંસદની આગેવાની હેઠળ એક પ્રતિનિધિ મંડળ મળ્યુ હતુ. રાજ્યપાલે કહ્યુ હતુ કે, હિંસાની

● અનુસંધાન પાન-૭ પર

## જિઓ ગુગલ સાથે મળી સસ્તો સ્માર્ટફોન જિઓ નેક્સ્ટ લાવશે

### રિલાયન્સની એજીએમમાં મુકેશ અંબાણીની જાહેરાત : સ્માર્ટફોન દરેકના ગજવાને પરવડે તે રીતે બનાવાયો છે, ૧૦ સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થીના દિવસે ફોનને લોન્ચ કરાશે

નવી દિલ્હી, તા. ૨૪

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની આજે મળેલી




એજીએમમાં ચેરમેન મુકેશ અંબાણીએ આગામી દિવસોમાં રિલાયન્સ જિઓ અને ગૂગલની પાર્ટનરશિપનુ એલાન કર્યુ હતુ.

મુકેશ અંબાણીએ કહ્યુ હતુ કે, આગામી દિવસોમાં જિઓ અને ગૂગલ દ્વારા નવો અને સસ્તો સ્માર્ટફોન જિઓ નેક્સટ લોન્ચ કરવામાં આવશે. આ સ્માર્ટફોન જિઓ તેમજ ગૂગલના ફિચર સાથે સજ્જ હશે. ફોનની ઓપરેટિંગ સિસ્ટમ ગૂગલ અને જિઓએ સંયુક્ત રીતે ડેવલપ કરેલી છે. આ સ્માર્ટફોન દરેક માણસના ગજવાને પરવડે તે રીતે બનાવવામાં આવ્યો છે. તેની કિંમત સાવ ઓછી હશે અને ૧૦ સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થીના દિવસે ફોનને લોન્ચ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર





